**હારીજના મે. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, હારીજ.**

**<u>ક્રિ. કેસ નં.૨૦/૨૦૨૬</u>**

**આંક:**

**<u>ફરીયાદી</u>** :- શ્રી સરકાર....

-:: વિરૂધ્ધ ::-

**<u>આરોપી</u>** :- શાંતીજી છઠાજી

**<u>ગુનો :- બી.એન.એસ.ની.ક.૨૨૩(ખ) મુજબ.</u>**

-:: **<u>ઠરાવ</u>** ::-

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામનો આરોપીએ મે. જીલ્લા મેજી.સાહેબ, પાટણના જાહેરનામાનો ભંગ કરી પકડાઈ જઈ, આરોપીએ બી.એન.એસ.ની ક.૨૨૩(ખ) મુજબનો ગુન્હો કરેલ તે મતલબની ફરીયાદીની ફરીયાદ આધારે આરોપી સામે ગુન્હો દાખલ કરી, ત.ક.અમલદારે આગળની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ સદર ગુન્હા અંગેનું ચાર્જશીટ કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) આ કામે આરોપી સામે બી.એન.એસ.ની ક.૨૨૩ મુજબના ગુન્હાનો આરોપ છે. આજરોજ ચાર્જશીટ સાથે આરોપીને કોર્ટ રૂબરૂ હાજર કરાતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે ત્યારબાદ, આરોપી તેની સામેનો ગુન્હો સ્વૈચ્છીક રીતે કબુલ કરતા હોય અને તે અંગેની લેખિત ગુન્હા કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેથી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતા આરોપી ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને આરોપી તેની સામેના ગુન્હાની કબૂલાત કરતી લેખિત કબૂલાત પુરસીસમાં જણાવેલ છે કે તેનો પ્રથમ ગુન્હો છે અને પોતે ગરીબ મજુર વર્ગના હોવાનું જણાવેલ છે અને મૌખિક રજુઆતમાં ગુન્હા બદલ પસ્તાવો વ્યકત કરે છે અને હવે પછી આવો ગુન્હો નહીં કરે તેની ખાત્રી આપે છે અને તેના ઉપર રહેમ નજર રાખવા વિનંતી કરેલ છે.

(૩) આમ આરોપી તેની સામેનો ગુન્હો સ્વૈચ્છીક રીતે કબૂલ કરે છે, જેથી આરોપીની આ સ્વૈચ્છીક કબુલાત નહીં માનવાને કોઈ કારણ રહેતું નથી. વધુમાં સરકાર તરફે આરોપી અગાઉ ગુના માટે દોષીત ઠરેલ હોય તેવી કોઈ તકરાર લેવામાં આવેલ નથી.

(૪) આમ કેસની હકીકત તથા આરોપીની શારિરીક, માનસીક પરિસ્થિતી તેની ચાલ–ચલગત ગુનાના સ્વરૂપ તથા તેની સ્વૈચ્છીક કબૂલાત ધ્યાને લેતા આરોપીને સજા કરવાને બદલે યોગ્ય દંડ કરીને છોડી મુકવાનું ન્યાયી અને યોગ્ય જણાતું હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: **<u>હુકમ</u>** ::–

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની.ક.–૨૭૫ અન્વયે તેઓની સામેના ધી બી.એન.એસ.ની ક.૨૨૩(ખ) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી, આરોપીને રૂ.૧૦૦૦/– દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જોઆરોપી દંડની રકમ ન ભરે તો દીન–૩ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.**૧૪** માહે માર્ચ સને **૨૦૨૬** ના રોજ લોક અદાલતમાં વાંચી સંભાળાવી જાહેર કર્યો.

મુ.હારીજ.

તા. ૧૪/૦૩/૨૦૨૬

(કે.એન.પુરાણી)
જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ,હારીજ
જજ કોડ : જીજે ૦૧૫૨૮
સ્પેશ્યલ સીટીંગ

રૂ.૧૦૦૦/– અંકે રૂપિયા એક હજાર પુરા
રસીદ નં..........થી તા.૧૪.૦૩.૨૬
ના રોજ વસુલ લીધેલ છે.

નાઝર
જ્યુડી.મેજી.ફ.ક.કોર્ટ,
હારીજ